મ્યુનિ. કોર્પોરેશને ૧૧ ખાનગી હોસ્પીટલોને જનરેટર આપ્યા

(પ્રતિનિધિ) અમદાવાદ, રાજય પર ત્રાટકનાર વાવાઝોડાના કારણે જાનમાલની ખુવારી ઓછી થાય તે માટે રાજય સરકાર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહયા છે. અમદાવાદ શહેરમાં પણ મ્યુનિ. અધિકારીઓ વાવાઝોડા પર સતત નજર રાખી રહયા છે. મ્યુનિ. અધિકારીઓ કોરોનાની સાથે સાથે વાવાઝોડા સામે પણ લડી રહયા છે તેમજ વાવાઝોડાના કારણે લાઈટ સુવિધા બંધ થાય તો કોરોનાના અનેક દર્દીઓની જીંદગી જોખમાઈ શકે છે.

વાવાઝોડાના કારણે લાઈટ બેકઅપ માટે તંત્ર સજ્જ

મ્યુનિ. તંત્ર દ્વારા આ પ્રકારની હોનારતને અટકાવવા તમામ પગલાં લેવામાં આવ્યા છે તેમજ ૧૧ ખાનગી હોસ્પિટલોને જનરેટર સુવિધા આપવામાં આવી છે.

મ્યુનિ. કોર્પોરેશનના આંતરીક સુત્રોએ જણાવ્યા મુજબ વાવાઝોડાના કારણે વીજ સપ્લાય પર અસર થાય તો કોરોનાના આઈસીજી અને ઓકસીજન પર રહેલા દર્દીઓની જીંદગી સામે મોટુ જોખમ આવી શકે છે. મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત એસ.વી.પી, શારદાબેન, એલ.જી. હોસ્પીટલ અને વી.એસ.માં પર્યાપ્ત કેપેસીટીવાળા જનરેટર ઉપલબ્ધ કરવામાં આવ્યા છે તેવી જ રીતે આઈસીયુ- ઓકસીજન બેડ ધરાવતી ૧૧ ખાનગી હોસ્પીટલો દ્વારા પણ જનરેટરની માંગણી કરવામાં આવી હતી તંત્ર દ્વારા આ હોસ્પીટલોને પણ જનરેટર સુવિધા આપવામાં આવી છે તેવી જ રીતે વાવાઝોડા- સપ્લાયના કારણે સ્ટ્રીટલાઈટો બંધ થવાની પણ દહેશત રહે છે તેથી સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેન્સ કંપનીને “સ્ટેન્ડ ટુ” રહેવા આદેશ કરવામાં આવ્યો હોવાનું ત્રોએ વધુમાં જણાવ્યું હતું.

નારોલમાં બરોડાનો બુટલેગર પિસ્તોલ તથા ૫૦૦ની જુની નોટો સાથે પકડાયો

(પ્રતિનિધિ) અમદાવાદ, પાંચ સો તથા હજાર રૂપિયાની જુની નોટો રદ્દ થયે આશરે ચાર વર્ષનો સમય વીતી ગયો હોવા છતાં ક્યાંક ને ક્યાંક આ જુની નોટો પકડાવવાનાં કિસ્સા સામે આવતાં હોય છે આ જ રીતે નારોલ પોલીસને એક શખ્શ ફરિયાદ સાથે હોવાની બાતમી મળતાં વોચ ગોઠવી હતી. પરંતુ એ શખ્શને ઝડપી લેવાયો ત્યારે તેની પાસેથી દેશી પિસ્તોલ જીવતા કારતુસ ઉપરાંત ૫૦૦નાં દરની જુની નોટો મળી આવી હતી.

નારોલ પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ ટીકે દેવમુરારી પોતાની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા એ સમયે ગેરકાયદેસર હથિયાર સાથે એક શખ્શની બાતમી મળી હતી. ત્યારબાદ તેમણે વોચ ગોઠવતાં સફેદ રંગની શંકાસ્પદ કાર નઝરે પડતાં તેને કોર્ડન કરી લેવાઈ હતી અને ગાડી ચાલકનું નામ પૂંછતાં તેણે નવઘણ કાળુભાઈ ભરવાડ (ગામ વરસડા, વડોદરા) હોવાનું કહ્યું હતું. નવઘણની અંગજડતી કરતાં તેની પાસેથી માહીતી મુજબ દેશી બનાવટની એક પિસ્તોલ અને ચાર જીવતાં કારતુસ મળી આવ્યા હતા. જોકે ગાડીમાંથી ૫૦૦ ની રદ્દ કરાયેલી જુની ૨૦૦ નોટો પણ મળી આવતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

પૂછપરછમાં નવઘણે દાહોદ જિલ્લાનાં લીમખેડામાં રહેતા અજય ગોપાલ મકવાણા પાસેથી પિસ્તોલ તથા કારતુસ મેળવ્યાનું કબુલ્યું છે. બીજી તરફ ચલણી નોટો તેની પાસે ક્યાંથી આવી. પિસ્તોલ તેણે કેમ ખરીદી એ દિશામાં પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

તાઉતે વાવાઝોડા પૂર્વે ખંભાતના ગામોમાંથી ૮૫૦નું સ્થળાંતર : વહિવટી તંત્ર તથા એનડીઆરએફ ખડેપગે

પેટલાદ, તાઉતે વાવાઝોડાના ખતરા સામે તકેદારીના તમામ પગલા આણંદ જીલ્લા વહિવટી તંત્ર દ્વારા લેવામાં આવી રહ્યા છે. જીલ્લામાં ખંભાતના ૧૫ તથા બોરસદના ૩ મળી કુલ ૧૮ ગામોને એલર્ટ ઉપર રાખવામાં આવ્યા છે. આ તમામ ગામડાઓના નીચાણવાળા વિસ્તારો અને દરિયા નજીક રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ઉપરાંત આ આશ્રય સ્થાનોમાં અસરગ્રસ્તોને રહેવા જમવાની તમામ વ્યવસ્થા વહિવટી તંત્ર, ગ્રામ પંચાયત કે સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. આ વાવાઝોડાને કારણે કોઈ જાનહાની કે નુકશાન ન થાય તેની તકેદારીના ભાગરૂપે આજરોજ જીલ્લા કલેકટર સહિત ઉચ્ચ અધિકારીઓએ ખંભાત, ધુવારણ, રાલેજ જેવા ગામોની વિશેષ મુલાકાત લીધી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા ત્રણ-ચાર દિવસથી તાઉતે વાવાઝોડાની ભયંકર સંભવિત અસરોને લઈ જીલ્લા પ્રશાસન ભારે જહેમત ઉઠાવી રહ્યું છે. હાલ આ વાવઝોડું ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. ત્યારે સંભવતઃ ખંભાતના દરિયા કિનારાની નજીકના ગામોને કોઈ અસર કે નુકશાન ના થાય તે માટે આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ખંભાતના ધુવારણ અને રાલેજ ખાતે એનડીઆરએફની ટીમો તથા આણંદ ખાતે એસડીઆરએફની એક ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. ઉપરાંત ખંભાતના ૧૫ તથા બોરસદના ૩ ગામોમાં સ્થળાંતર સહિતની તમામ વ્યવસ્થાઓ માટે વર્ગ -૧ના અધિકારીઓની નિમણૂક પણ કરવામાં આવી છે. જેઓ દ્વારા હાલ સ્થળાંતરની કામગીરી ચાલી રહી છે. ગતરોજથી આણંદ જીલ્લામાં વાદળછાયા વાતાવરણમાં પવન સાથે છૂટોછવાયો વરસાદ થતા લોકોમાં વાવાઝોડા સંદર્ભે ભારે દહેશત જોવા મળે છે. જેથી જીલ્લા કલેક્ટર આર જી ગોહિલે જણાવ્યું છે કે વાવાઝોડા, પવન કે વરસાદના સમયે લોકોએ ઘરની બહાર ન નીકળવુ જોઈએ. ઉપરાંત કોઈપણ પરિસ્થિતીતને પહોંચી વળવા આણંદ જીલ્લા વહિવટી તંત્ર સુસજ્જ છે. જીલ્લામાં ઓછુ નુકશાન થાય અને કોઈપણ પ્રકારની જાનહાની ન થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાત તાલુકાના ધુવારણમાંથી આશરે ૨૦૦, નવી આખોલમાંથી ૧૮૮, મીતલી ૧૫૦, તડાતલાવ ૧૩૧, તરકપુર ૫૬, નવાગામ બારા ૫૦, રાલેજ ૪૨, લૂણેજ ૨૧, વડગામ ૧૫ મળી લગભગ ૮૫૦થી વધુ લોકોનું સલામત જગ્યાએ સ્થળાંતર કરવામાં આવ્યું છે.

તસ્વીર : દેવાંગી ઠાકર, પેટલાદ

ખંભાતમાં ત્રણ આશ્રય સ્થાન કાર્યરત

તાઉતે વાવાઝોડાની સ્થિતીને ધ્યાનમાં રાખી દરિયાકાંઠા પાસે રહેતા રહિશોને સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ખંભાતમાં ત્રણ આશ્રય સ્થાનો શરૂ કરવામાં આવ્યા છે. જેમા આઈટીઆઈ સ્કુલ તથા માછીપુરા પાસેનો સમાવેશ થાય છે. ઉપરાંત પાલિકાના વોર્ડનં.૯ નજીક પણ આશ્રય સ્થાન શરૂ કરેલ છે. આ સ્થળે આવેલ સ્થળાંતરીત લોકોને પાલિકાના કાઉન્સિલર અને સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્ર દ્વારા રહેવા જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

બહેરામપુરા કેલીકો મિલનાં કંપાઉન્ડમાં ઇસમની હત્યા

(પ્રતિનિધિ) અમદાવાદ, અમદાવાદ શહેરનાં બહેરામપુરા વિસ્તારમાં આવેલી કેલીકો મિલનાં કંપાઉન્ડમાં એક ઈસમની ઘાતકી રીતે હત્યા કરવામાં આવતાં ચકચાર મચી છે. ઈસમનાં શરીર ઉપર તીષ્ણ હથીયાર વડે હુમલો કરી મૃત્યુ નીપજાવવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આ ઘટનાની વિગત એવી છે કે બહેરામપુરા વિસ્તારમાં આવેલી કેલીકો મિલનાં કંપાઉન્ડમાં આવેલી એક ઈમારતમાં હત્યાની ઘટના બની હોવાની જાણ થતાં દાણીલીમડા પોલીસ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી. શુક્રવારે બપોરે બનેલી આ ઘટનામાં મૃતક રફીક પઠાણનાં માથા, મોં કમર તથા શરીરનાં અન્ય ભાગો ઉપર ઈજાનાં નિશાન હતા. આ ઘા પરથી છરી કે તલવાર જેવા તીક્ષ્ણ હથીયાર વડે મૃતક ઉપર હુમલો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં મુળ સરસપુરનો રહેવાસી રફીક ઘરે ઓછો રહેતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસ તેનાં પરીવાર તથા આસપાસનાં લોકોની પૂછપરછ શરૂ કરી છે અને હત્યારાની ભાળ મેળવવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

કોરોના સંકટને કારણે ૧૫ જૂન સુધી પુરી જગન્નાથ મંદિર ભક્તો માટે બંધ રહેશે

પુરી, ઓડિશા અને પુરીમાં કોવિડ - ૧૯ કેસોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને ભગવાન જગન્નાથ મંદિરના અધિકારીઓએ રવિવારે જાહેરાત કરી કે, આ ૧૨મી સદીનું મંદિર ૧૫ જૂન સુધી ભક્તો માટે બંધ રહેશે. ઓડિશા સરકારે રાજ્યમાં લોકડાઉન લગાડ્યા પછી આ વિશ્વપ્રસિદ્ધ મંદિર મેથી બંધ છે. જગન્નાથ મંદિર પ્રશાસન એ એસજેટીએના એડમિનિસ્ટ્રેટર ડૉ. કૃષ્ણ કુમારની અધ્યક્ષતામાં મળેલી સમીક્ષા બેઠકમાં મંદિરને ૧૫ જૂન સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. આ બેઠકમાં પુરી ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ સમર્થ વર્મા પણ હાજર હતા. બેઠકમાં સંજોગોને ધ્યાનમાં રાખીને સમય સમય પર ધોરણસરની ઓપરેટિંગ પ્રક્રિયાની સમીક્ષા કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું.

ઓડિશામાં કોવિડ -૧૯ ના વધુ ૧૧,૭૩૨ દર્દીઓના આગમન પછી ચેપના કેસો વધીને ૬,૧૨,૨૨૪ પર પહોંચી ગયા છે. જ્યારે વધુ ૧૯ લોકોના મોતની સંખ્યા ૨,૩૧૩ પર પહોંચી છે. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોવિડ -૧૯માં સારવાર આપવામાં આવતા લોકોની સંખ્યા વધીને ૧,૦૭,૪૦૩ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, ૧૧,૭૩૨ નવા કેસોમાંથી ૬,૫૬૯ કેસ જુદા-જુદા અલગ કેન્દ્રોમાંથી આવ્યા છે અને બાકીના કેસો ચેપગ્રસ્ત લોકોના સંપર્કમાં આવ્યા હતા. ખુર્દામાં સૌથી વધુ ૧,૭૧૦ નવા કેસ નોંધાયા છે. આ પછી કટકમાં ૮૧૦ અને અંગુલમાં ૭૦૦ કેસ નોંધાયા હતા.

૩૦ જિલ્લામાંથી માત્ર ગજપતિ અને કંધમાલમાં ૧૦૦ કરતાં ઓછા નવા કેસ નોંધાયા છે. ખુર્દામાં ૪, અંગુલ અને રાયગમાં ૩, નુઆપાડા અને સુંદરગમાં બે વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો.

ગજાપતિ, કેન્દ્રપદા, નબરંગપુર અને પુરી જિલ્લામાં એક દર્દીનું ચેપ લાગતા મોત નીપજ્યું હતું. આ ઉપરાંત રાજ્યમાં અન્ય રોગોને કારણે ૫૩ કોવિડ -૧૯ દર્દીઓનાં મોત નીપજ્યાં છે.

ગર્ભવતી મહીલાને લીવ ઇન પાર્ટનર રસ્તા પર તરછોડી ગયો : અભયમની ટીમે મદદ કરી

(પ્રતિનિધિ) અમદાવાદ, શહેરનાં સિવિલ વિસ્તારમાંથી અભયમને એક મહીલાનો ફોન આવ્યો હતો. જેનો લીવ ઈન પાર્ટનર તેને મિત્રને મળીને આવું છું કહીને છોડી ગયા બાદ છેલ્લાં ૧૨ દિવસથી મહીલા પોતાની પુત્રી સાથે આમથી તેમ ભટકતી રહી.

આ ઘટનાની વિગત એવી છે કે લીલા (કાલ્પનિક નામ) નાં લગ્ન થયા બાદ પતિ વ્યસની હોવાની તેને જાણ થઈ હતી. દરમિયાન તેને પુત્ર અને પુત્રી એમ બે સંતાનો હતા.

ઝઘડા વધી જતાં લીલાએ છુટાછેડા લીધા પછી પતિએ દિકરો રાખી લીધો હતો. જ્યારે પાંચ વર્ષીય પુત્રીને લઈ લીલા ખાનગી કંપનીમાં નોકરી કરી જીવન નિર્વાહ કરતી હતી. જ્યાં ૩૩ વર્ષીય લીલાને ૨૦ વર્ષીય યુવક મળ્યો હતો. જેણે લગ્નની લાલચ આપી હતી. પરંતુ ઉંમરના તફાવતને કારણે લગ્ન શક્ય ન હોઈ બંને લીવ ઈનમાં રહેતાં હતા. જેનાં પગલે લીલા ગર્ભવતી બનતાં યુવક તેને મધ્ય પ્રદેશ લઈ ગયો હતો. ત્યાંથી પરત ફરીને તેને અમદાવાદ સિવિલ વિસ્તારમાં લઈ આવી મિત્રને મળવા જાઉં છું. કહી રફુચક્કર થઈ જતાં તે નોંધારી બની ૧૨ દિવસથી રસ્તે રખડતી હતી.

દરમિયાન એક શખ્શે તેની પાસે બિભત્સ માંગણી પણ કરી હતી અને તેનો અકસ્માત થતાં ઈજા પણ થઈ હતી. જેથી છેવટે તેણે ૧૮૧ અભયમને ફોન કરતાં ટીમ તેની પાસે પહોંચી ગઈ હતી અને કાયદાકીય માહીતી આપી આશ્રય ગૃહમાં મોકલી આપી હતી.

૧૨ દિવસ સુધી રસ્તા પર રહેતાં અજાણ્યા શખ્સે બિભત્સ માંગણીઓ કરી

ગંગામાં લોકો શબ ન પધરાવે તેની કડક કામગીરી કરવા યુપી, બિહારને કેન્દ્ર સરકારની ચેતવણી

(એજન્સી) પ્રયાગરાજ, યુપી અને બિહારમાં લોકો ગંગામાં શબ ન પધરાવે તે માટે કડક કામગીરી કરવા કેન્દ્ર સરકારે ચેતવણી ઉચ્ચારી છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરપ્રદેશ અને બિહારમાં ગરીબીના કારણે આ લોકો મૃતદેહનો અગ્નિસંસ્કાર કરવાને બદલે તેને ગંગા નદીમાં જ પ્રવાહિત કરી રહ્યા છે. અથવા તો નદીકાંઠે દફન કરી રહ્યા છે. યુપીના ઉન્નાવ, કન્નોજ, કાનપુર અને રાયબરેલી પછી પ્રયાગરાજમાં પણ આવા મામલાઓ સામે આવ્યા છે. થોડા સમય પહેલાં જ એક ઘાટ પાસે ગંગાની રેતીમાં ૪૦૦-૫૦૦ જેટલા શબો ઉપર આવી જતાં હાહાકાર મચી ગયો હતો.

દારૂની રેઇડ દરમિયાન ગેરરીતી આચરનાર બે કોન્સ્ટેબલ સસ્પેન્ડ

(પ્રતિનિધિ) અમદાવાદ, છેલ્લા કેટલાંક સમયથી શહેરનાં રક્ષકો જ ભક્ષક બનીને આરોપીઓને છાવરતાં હોવાની ઘટનાઓ બહાર આવી છે. કેટલાંક લાંચીયા કર્મીને કારણે સમગ્ર પોલીસ તંત્ર બદનામ થઈ રહ્યુ છે. ત્યારે નિકોલ પોલીસ ડી સ્ટાફનાં બે કોન્સ્ટેબલોએ ગેરરીતી આચાર્યાનું સામે આવતાં બંનેને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. આ ઘટનાની વિગત એવી છે કે નિકોલ પોલીસનાં ડી સ્ટાફમાં ફરજ બજાવતાં પ્રકાશસિંહ ઘનશ્યામસિંહ તથા રઘુવીરસિંહ મોકમસિંહે આ મહિનાની પહેલી તારીખે ભુવાલડી ગામ જોરાના ટેકરા ખાતે કનૈયાલાલ ઉર્ફે કનું બારૈયાનાં ઘરે રેડ કરી ૧૬ પેટી દારૂ પકડ્યો હતો. જોકે ફક્ત ૧૨ બોટલનો ગુનો દાખલ કરતાં આ ઘટનાની ચારે તરફ ચર્ચા જાગી હતી. જેને પગલે ઝોન ૫ ડીસીપીએ બંનેને તત્કાલીક અસરથી સસ્પેન્ડ કર્યા છે.

કેન્દ્રીય મંત્રી વીકે સિંહના ગામમાં ૧૫ દિવસમાં ૩૦ના મોત

ભિવાની, કેન્દ્રીય મંત્રી વી કે સિંહના હરિયાણા સ્થિત બાપોરા ગામમાં માત્ર બે જ સપ્તાહમાં ૩૦ લોકોના મોત નિપજ્યા છે. હાલ ગામોમાં કોરોના જેવા જ લક્ષણોને કારણે મોત થઈ રહ્યા છે તેથી વી કે સિંહના ગામમાં થઈ રહેલા મોત પાછળનું કારણ પણ કોરોના હોવાની શંકાઓ વ્યક્ત કરાઈ રહી છે. આ ગામના સરપંચ નરેશકુમારે કહ્યું હતું કે ગામમાં અનેક લોકોમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા પણ ટેસ્ટ કરાતા માત્ર ત્રણ લોકોનો રિપોર્ટ જ પોઝિટિવ આવ્યો હતો. ઘણા લોકોમાં તાવ, કફ વગેરેની અસર જોવા મળી હતી પણ તેઓએ પોતાનો ટેસ્ટ કરાવવાનું ટાળ્યું હતું. ટેસ્ટ ન થયા હોવાથી ખરેખર મૃત્યુ પાછળ કોરોના જવાબદાર છે કે કેમ તે અંગે જાણકારી મેળવવી મુશ્કેલ છે તેમ ગામના સરપંચે કહ્યું હતું. જ્યારે જિલ્લા પ્રશાસને દાવો કર્યો હતો કે અહીં અમે એમ્બ્યૂલંસ તૈનાત કરી હતી અને દરેક લોકોનું સ્ક્રિનિંગ પણ કરવામા આવ્યું હતું.

પેટલાદમાં ગાંજો પકડાતા ચકચાર : બે આરોપી ફરાર

પેટલાદ, ગતરોજ પેટલાદ ટાઉન પોલિસ મથક દ્વારા પેટ્રોલિંગ અને ડ્રાઈવ ચાલી રહી હતી. જે દરમિયાન નંબર પ્લેટ વગરનું બાઈક લઈ એક ઈસમ શહેરમાંથી પસાર થઈ રહ્યો હતો. જેને શકમંદ તરીકે તપાસ કરતા તેની પાસેથી ૧.૮૮૮ કિ.ગ્રા ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેની સામે પેટલાદ ટાઉન પોલિસે ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે. જ્યારે બે આરોપી ફરાર હોવાનું જાણવા મળે છે. પોલિસ સુત્રોના જણાવ્યા મુજબ આણંદ જીલ્લા પોલિસ અધિક્ષક અજીત રાજીયાણની સુચના અને આદેશ મુજબ પેટલાદ શહેરમાં ગતરોજ ગેરકાયદેસર માદક પદાર્થની હેરાફેરી માટે વાહન ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતુ. પેટલાદ નાયબ પોલિસ અધિક્ષક આર એલ સોલંકીના માર્ગદર્શન મુજબ પેટલાદ ટાઉન પીઆઈ એલ ડી ગમારા, પીએસઆઈ ડી એચ મકવાણા સહિતનો પોલિસ કાફલો રણછોડજી મંદિર પાસે વાહન ચેકિંગ કરી રહ્યા હતા. આ ડ્રાઈવ દરમિયાન સાંજે ૭.૩૦ કલાકના સુમારે નંબર પ્લેટ વગરનું બાઈક લઈ ડબલ સવારી ચાલક આવે રહ્યા હતા. તેઓને રોકવાનો પ્રયાશ કરવા જતા બાઈક ચાલક નાસી છૂટ્યો હતો. પરંતુ પોલિસે પીછો કરતા પાછળ બેઠેલ ઈસમ ઝડપાઈ ગયો હતો. જેનું નામઠામ પુછતા સોએબઅલી ઉર્ફે સોહિલ ખલીફમીયા પઠાણ રહે.શેરપુરા પેટલાદ હોવાનું જાણવા મળ્યું હતુ. જેની પાસે એક થેલી હતી, જેની તપાસ કરતા તેમાથી માદક પદાર્થ મળી આવ્યો હતો. જેનું એફએસએલ તપાસ કરતા ગાંજો હોવાનું જાણવા મળ્યું હતુ. આરોપીની વધુ પુછપરછ કરતા નાસી ગયેલ આરોપી તારીફ ઉર્ફે લાલુ મોહંમદ રફીક વ્હોરા રહે. આણંદ હતો. જ્યારે આ ગાંજાનો જથ્થો આપનાર ઈમરાન ઉર્ફે ભયલુ અબ્દુલ વ્હોરા રહે. વ્હોરવાડ પેટલાદ હોવાનું જણાવ્યું હતુ. આ બન્ને આરોપી ફરાર હોવાથી તેઓને પકડવા પોલિસે ચક્રો ગતિમાન કર્યા છે.

તસ્વીર : દેવાંગી ઠાકર, પેટલાદ

વાયનોફલેક્સ લી.

રજીસ્ટર્ડ ઓફીસ : 307, સિલ્વર ચેમ્બર,
ટાગોર રોડ, રાજકોટ-360 002.
CIN : L25200GJ1993PLC019830
ફોન :0281-2468345, 2468776, 2468328
ફેક્સ : 0281-2468839
વેબસાઈટ : www.vinyoflex.com
ઈ-મેઈલ : info@vinyoflex.com

નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે સેબીના (લિસ્ટીંગ ઓબ્લિગેશન એન્ડ ડીસકલોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન ૨૯ અને ૪૭ ના નિયમોને ધ્યાને લેતા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર ની મિટીંગ **શુક્રવાર, તા. ૨૮ મી મે, ૨૦૨૧** ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કંપનીના વહીવટી કાર્યાલય રાજકોટ ખાતે બોલાવવામાં આવેલ છે. **૩૧ મી માર્ચ ૨૦૨૧** ના રોજ પુરા થતા નાણાકીય વર્ષના પરીણામને ધ્યાનમાં લેવા અને મંજુર કરવા માટે મળશે.

આ નોટીસની માહિતી બીએસઈ લિમિટેડ (www.bseindia.com), **અને કંપનીની વેબસાઈટ પર** (www.vinyoflex.com) **ઉપલબ્ધ થશે**

સ્થળ : રાજકોટ
તારીખઃ ૧૮-૦૫-૨૦૨૧

વાયનોફલેક્સ લી. વતી
સી.એસ. રાહુલ આર. ખોખર
કંપની સેક્રેટરી અને
કમ્પ્લાયન્સ ઓફીસર
M.No. A62029

ફોર્મ નં. INC-26
કેન્દ્ર સરકાર સમક્ષ
ઉત્તર- પશ્ચિમ ક્ષેત્ર, અમદાવાદ

કંપનીઝ એક્ટ ૨૦૧૩ની કલમ ૧૩(૪) અને કંપનીઝ (ઈનકોર્પોરેશન) નિયમો , ૨૦૧૪ ના નિયમની કલમ ૩૦(૫)(એ)ની બાબતમાં
અને
એસએલસીપીએએસ સોફટવેર પ્રાઈવેટ લિમિટેડ કે જેની રજિસ્ટર્ડ ઓફિસ સ્થળ નંબર ૧૪૦૩, ૧૪ મો માળ, બ્લોક-૧૩-B ઝોન-૧, ગીફટ **SEZ**, ગીફટ સીટી, ગાંધીનગર- ૩૮૨૩૫૫, ગુજરાત. ખાતે આવેલી છે.
(CIN: U72501GJ2018FTC102132)
...અરજદાર

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે કંપનીની ૧૨મી મે, ૨૦૨૧ના રોજ યોજાયેલ અસાધારણ સામાન્ય સભામાં કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ “ગુજરાત રાજ્ય” થી “તેલંગાણા રાજ્ય” માં બદલવા સારું ખાસ ઠરાવ પસાર કરેલ છે. જેથી કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસીએશનના ખંડ-૨ માં ફેરફારની પુષ્ટિ કરવા માટે કંપની કેન્દ્ર સરકાર સમક્ષ કંપનીઝ એક્ટ ૨૦૧૩ની કલમ ૧૩ ની અન્વયે અરજી દરખાસ્ત કરે છે.

કંપનીની રજીસ્ટર્ડ ઓફિસમાં સૂચિત પરિવર્તનથી પ્રભાવિત કોઈપણ વ્યકિત આ નોટિસ પ્રકાશિત થયાના ૧૪ દિવસની અંદર પોતાનો વિરોધ તથા હિતના પ્રકાર અને વિરોધના કારણો દર્શાવતી એફિડેવિટ રીજીઓનલ ડિરેક્ટર, ઉત્તર-પશ્ચિમ ક્ષેત્ર, આર.ઓ.સી ભવન, રૂપલ પાર્ક સોસાયટીની સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ- ૩૮૦૦૧૩, ગુજરાત પર રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલાવવી કે વિતરિત કરી શકાય છે. અથવા તો **MCA-21** પોર્ટલ પર **(www.mca.gov.in)** રોકાણકારોની ફરિયાદ ફોર્મ ભરી શકે છે. એક નકલ અરજદાર કંપનીની નીચે જણાવેલ રજીસ્ટર્ડ ઓફિસ પર મોકલવાની રહેશે.
સરનામું :- સ્થળ નં. ૧૪૦૩, ૧૪મો માળ, બ્લોક નં.૧૩-B ઝોન-૧, ગીફટ **SEZ**, ગીફટ સીટી, ગાંધીનગર- ૩૮૨૩૫૫, ગુજરાત.

અરજદાર વતી અને તેના માટે
એસએલસીપીએએસ સોફટવેર પ્રાઈવેટ લિમિટેડ
સહી/-
રાજેશકુમાર પડાલિયા
ડિરેક્ટર
DIN : 08049311

તા. : ૧૫-૫-૨૦૨૧
સ્થળ : ગાંધીનગર, ગુજરાત

AMC MET MEDICAL COLLEGE

L.G. Hospital Campus, Maninagar, Ahmedabad-08.
Phone No. 079-25472109, Fax No. 079-25472100
Website : www.metmedical.edu.in

SHORT TENDER NOTICE NO. : 83/2021-22

Sealed bids are invited under two stage bidding system from the interested & eligible bidders to run (1) Mess at Boys Hostel and (2) Mess at Girls Hostel of AMC MET Medical College, Maninagar on leave and license basis.

Tender Fees : Rs. 2,500 + 18% GST

EMD : RS. 10,000/- in favour of AMC Medical Education Trust.

For Bid Document and Terms, Conditions and Other details kindly Download the detailed advertisement along with Bid form from website : **www.metmedical.edu.in** and **www.amcmet.org**
Last Date of Submission : 25.05.2021 up to 2:00 pm

Date : 18.05.2021

Chairman
AMC Medical Education Trust

કબજા નોટીસ (સ્થાવર મિલ્કત) માટેની નિયમ-૮(૧)

આઈઆઈએફએલ હોમ ફાઈનાન્સ લીમીટેડ (અગાઉ જાણીતી ઈન્ડીયા ઈન્ફોલાઈન હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ)ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારી સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અંતર્ગત અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૩ અને કલમ ૧૩(૧૨) અન્વયે મળેલી સત્તાની રૂએ નીચે દર્શાવેલા દેવાદાર- જામીનદારને સદર નોટિસ મળવાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં આપેલી અને નીચે મુજબની દર્શાવેલી રકમ ચૂકવવા ડિમાન્ટ નોટિસ પાઠવી હતી. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ નીવડતા, દેવાદાર-જામીનદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકારીએ કાયદાની કલમ ૧૩(૪) અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ અન્વયે મળેલી સત્તાની રૂએ નીચે દર્શાવેલી મિલકતનો કબજો લીધો છે. આથી દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે કોઈએ સદર મિલકત સંદર્ભે કોઈ પણ લેવડ-દેવડ કરવી નહીં જો કોઈ વ્યક્તિ સદર મિલકત અંગે લેવડદેવડ કરશે તો તેણે અહીં દર્શાવેલી રકમ વ્યાજ સહિત **IIHFL**ને ચૂકવવાની રહેશે.

ઉધાર લેનારાઓ ધ્યાન આપે કે, એક્ટની કલમ ૧૩ના પેટા કલમ (૮)ની જોગવાઈઓ માટે અનુસંધાને જો ઉધાર લેનાર આઈએચએફએલની બાકી ચુકવણીઓને ચૂકતે કરે છે, જે તમામ ખર્ચાઓ, ચાર્જિસ ખર્ચ અને અન્ય ખર્ચ સાથે, કોઈ પણ સમયે નિયત તારીખ પહેલાં વેચાણ અથવા ટ્રાન્સફર માટે, સુરક્ષિત અસ્કયામતો આઈએચએફએલ દ્વારા વેચવામાં અથવા ટ્રાન્સફર કરવામાં આવશે નહીં અને સુરક્ષિત અસ્ક્યામતોના ટ્રાન્સફર અથવા વેચાણ માટે આઈઆઈએચએફએલ દ્વારા આગળ કોઈ પગલું લેવામાં આવશે નહીં.

દેવાદારોનું નામ સુરત બ્રાંચ	સુરક્ષિત મિલ્કતનું વર્ણન (સ્થાવર મિલ્કત)	કુલ બાકી લેણાની રકમ રૂા.	ડીમાન્ડ નોટીસની તારીખ	કબજા નોટીસની તારીખ
૧. શ્રી ચંદ્રેશ પદમાનાભ વ્યાસ ૨. શ્રીમતી ભારતી દવે **(પ્રોસપેક્ટ નં.૭૩૪૯૧૧ અને ૯૨૦૮૮૭)**	ફ્લેટ નં.એફ૬૦૧, એફ બિલ્ડીંગ, ૮મો માળ, નક્ષત એમ્બેસી, શિવ ટેરેસની પાસે, ગૌરવપથ રોડ, સુરત ૩૯૫૦૦૯, ગુજરાત, ભારત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત	**પ્રોસ્પેક્ટ નં.૭૩૪૯૧૧ રૂ.૧૪,૫૦,૦૯૬.૦૦/- પ્રોસ્પેક્ટ નં.૯૨૦૮૮૭ રૂ.૧,૧૮,૪૫૯.૦૦**	**૧૫-ફેબ્રુ-૨૧**	**૧૫-મે-૨૧**
શ્રી. ચંદ્રકાંતભાઈ પ્રેમાભાઈ પટેલ અને મીત ટ્રાન્સપોર્ટ, શ્રીમતી. મીનાક્ષીબેન ચંદ્રકાંતભાઈ પટેલ **(પ્રોસપેક્ટ નં.૭૬૬૦૧૮)**	પ્લોટ નં.૨૬૪, કૃષ્ણનગર સોસા, ઈચ્છાપોરની પાસે, સુરત, ગુજરાત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત	**રૂ.૧૫,૪૧,૯૭૨/-**	**૧૨-માર્ચ-૨૦**	**૧૫-મે-૨૧**

વધુ માહિતી માટે અધિકૃત અધિકારીશ્રીની **બ્રાંચ ઓફિસ** : ઓફીસ નં. ૭૦૧, સાતમો માળ, ૨૧ સેન્ચ્યુરી બીઝનેસ સેન્ટર, ઉધના દરવાજા પાસે, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨/ અથવા **કોર્પોરેટ ઓફિસ** : પ્લોટ નં.૯૮, ફેસ-૪, ઉદ્યોગ વિહાર, ગુરગાંવ, હરીયાણા સંપર્ક કરવો.

સ્થળઃ સુરત તારીખઃ ૧૮-૦૫-૨૦૨૧

સહી/- અધિકૃત અધિકારી, આઇઆઇએફએલ હોમ ફાઇનાન્સ લીમીટેડ

AHMEDABAD MUNICIPAL CORPORATION

(BRIDGE PROJECT DEPARTMENT)
E-TENDER NOTICE NO:- 04/2021-22

Sr.No.	Name of Work	Estimated Tender Cost
1.	CONSTRUCTION OF TRIMIX RCC ROAD NEAR RABARI VASAHAT, RAMAPIR NO TEKRO BRTS BUS ROUTE & DIFFERENT LOCAT``IONS ON BRTS CORRIDOR OF AHMEDABAD CITY.	Rs.: 22,58,733.90

ON-LINE TENDER SUBMISSION UP TO : DATE: 08.06.2021 UP TO 18.00 HRS.
DETAILS & TENDERS AVAILABLE ON : www.nprocure.com

Municipal Commissioner
(AMC)

ડૉ. ચિરાગ પટેલ
M.B.B.S., M.S. (Ortho)
FISS Arthroscopy
(ખભા અને ઘૂંટણના રોગના નિષ્ણાંત)

Sports Injury & Arthritis Clinic

આધુનિક પદ્ધતિથી દૂરબીન દ્વારા (ચીરા વગર) સાંધાના ઓપરેશન કરવાના નિષ્ણાંત સર્જન
(હવે ઉપલબ્ધ છે તમારા આંણદ શહેરમા...)

શું તમે નીચે દર્શાવેલ સમસ્યાથી પીડાઈ રહયા છો ?
- ખભાનો સાંધો વારંવાર ખસી જવો (Dislocation)
- ખભો જકડાઈ જવો (Frozen Shoulder)
- ખભા/ઘૂંટણના સ્નાયુ, તાણીયા કે ગાદીની ઈજા (Ligament /Tendon Injury)
- ખભા કે ઘૂંટણમાં ઘસારો કે ઈજા (Arthritis)
- રમતગમતમાં થયેલ ઈજા (Sports Injury)

સમય : દર શનિવારે (સવારે ૧૦ થી ૧) એપાઈન્ટમેન્ટ નંબર
પરીમલ હેલ્થ કેર, નયાપડકાર પ્રેસની બાજુમાં, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧ +91 8200692746 +91 2692255383
સાંઈ ઓર્થોપેડીક હોસ્પીટલ, (સોમ થી શનિ) યશ કોમ્પલેક્ષની સામે, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૨૧

NALIN LEASE FINANCE LIMITED

CIN: L65910GJ1990PLC014516
Regd.Off: Ground Floor, Gandhi Nursing Home Bldg.,
Dr.Nalinkant Gandhi Road, Himatnagar- 383 001.Gujarat India
Phone: 02772-241264, 242264, email : nalinlease@yahoo.co.in , www.nalinfin.co.in

EXTRACT FROM THE STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31.03.2021

(Rs.in Lacs)

Sl. No.	PARTICULARS	For the quarter ended			For the year ended
		31 March 2021	30 Dec.2020	31 March 2020	31 March 2020
		Audited	Unaudited	Audited	Audited
1.	Total Income From Operations	139.94	130.89	161.53	488.89
2.	Net Profit/(loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	76.91	107.82	104.13	330.86
3.	Net Profit/(loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	76.91	107.82	104.13	330.86
4.	Net Profit/(loss) for the period after Tax(after Exceptional and/or Extraordinary items)	57.79	87.86	70.84	252.43
5.	Total Comprehensive Income for the period (Comprising Profit /(Loss) for the period (after Tax) and Other Comprehensive Income (after tax)	57.79	87.86	70.84	252.43
6.	Paid up Equity Share Capital	655.82	655.82	655.82	655.82
7.	Earnings Per share (of Rs 10/- each) (for continuing and discontinuing operations)-				
	1. Basic:	0.88	1.34	1.08	3.85
	2. Diluted:	0.88	1.34	1.08	3.85

Note : The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.

The full format of the Quarterly Financial Results is available on the BSE website (www.bseindia.com) & Company's website (www.nalinfin.co.in)

Place : Himmatnagar
Date : 17.05.2021

For, NALIN LEASE FINANCE LTD
Sd/- **(D.N.Gandhi)**
Managing Director